**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૬ ટકા

# શહેરમાં સમી સાંજે વાયુ પ્રદૂષણનો પગ પેસારો

ગાંધીનગર, તા. ૨૮

ગ્રીનસીટીનું બિરૂદ ધરાવતા શહેરમાં વાતાવરણ





એકદમ શુદ્ધ જણાતુ જ્યાં વસનાર દરેકને નાની મોટી બિમારીનો તણખો પણ અડતો નહિ. આ શહેરને હરિયાળુ અને સ્વચ્છ રાખવા ઘણા ઉદ્યોગોને અહી આગળ વધવાની ના પાડી દેવામાં આવી પરંતુ પાટનગરના વિકાસને કારણે આજે શહેરમાં વસ્તી વધી છે અને જેને લીધે વાહનો અને વાહનોની અવરજવર પણ શહેરમાં વધી છે. જેના ધુમાડા પ્રદૂષણ ફેલાવી તેમાં વધારો કરવાનુ કારણ બની રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં એક સમયે લગભગ હજારની સંખ્યામાં વસ્તી હતી આજે લાખની સંખ્યામાં છે. આ વિકાસને લીધે જરૂરિયાતો પણ વધતી જઈ રહી છે. આ ઉપરાંત ગ્રીનસીટી ગણાતા હરિયાળા શહેરની માથાદીઠ વૃક્ષની સંખ્યા એક સમયે માથાદીઠ લગભગ ૨૨ હતી જે આજે ૬ છે. એટલે વસ્તી વધતા વાહન અને વાહન વ્યવહારમાં વધારો થતા પ્રદૂષણ ફેલાવા સાથે પ્રદૂષણને રોકી શકતા વૃક્ષોની સંખ્યામાં તો ઘટાડો થઈ રહ્યો છે જે ચિંતાજનક છે. શહેરમાં નવી યોજનાઓનો અમલ કરવાના કારણથી વૃક્ષોનુ છેદન કરવામાં આવી રહ્યુ છે. જેથી પ્રદૂષણ ફેલાવવાની શક્યતા વધી રહી છે.

પાટનગરમાં સચિવાલય, ઉદ્યોગભવન જેવી સરકારી ઓફિસોમાં થતી વ્યક્તિઓ સાથે વાહનોની દરરોજ થતી અવરજવર સાથે પર્યટન સ્થળો અક્ષરધામ, સરિતાઉદ્યાન, ઈન્દ્રોડા પાર્ક જેવા પ્રખ્યાત ઉદ્યાનોમાં થતી મુલાકાતીઓની રોજીંદી અવરજવર તથા મહુડી તરફ જતા પ્રવાસીઓની અવરજવર સાથે તેટલાજ વાહનોની અવરજવર તેના ધૂમાડાથી પ્રદૂષણ શહેરમાં ફેલાઈ રહ્યુ છે. શહેરમાં

**શહેરના સે. ૨૩ આજુબાજુ વિસ્તરેલી ઝુંપડપટ્ટીમાંથી ફેલાતા ધૂમાડાથી રહીશોમાં સ્વાસ્થ્યનું જોખમ ઉભુ થઈ રહ્યુ છે જે અંગે કાર્યવાહી કરવા તંત્ર પાસે રહીશો માંગણી કરી રહ્યા છે.**

એકબાજુ વસ્તી વધી રહી છે અને વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે. ખાસ સાંજના સમયે વાહનોની અવરજવર વધતા ધૂમાડાથી ક્યારેક શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે.

સાંજના સમયે વાતાવરમણાં હવા ઘટ્ટ બનવાથી કે હવાની અવરજવર ઓછી થવાથી સાંજે ઓફિસથી છૂટતા કર્મચારીઓના વાહનોના ધૂમાડા અને સાંજના સમયે ગાંધીનગરમાંથી પસાર થતા ડીઝલ એન્જિન ટ્રકના કાળા ડિબાંગ ધૂમાડા વાતાવરણમાં ભળી જઈ એક જથ્થો ઉભો કરી રહ્યા છે જે પ્રદૂષણનુ કારણ બને છે. સાંજના સમયે હવાની અવરજવર ઓછી થઈ જતા તે વાતાવરણમાં ભળીને નષ્ટ પામતા નથી પરંતુ વાયુ પ્રદૂષણ ઉભુ કરે છે. જે શહેર અને શહેરીજનો માટે એક ગંભીર સમસ્યા સર્જી રહ્યું છે.

# શાળાઓ પાસે ટ્રાફિક ડ્રાઈવ યોજી પોલીસે ૩૦ હજારનો દંડ વસુલ્યો

**૩ વાન ડીટેઈન કરી : ૫૦ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી**



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા આજે સવારે અચાનક સેકટર-૨૩ સ્થિત કડી, સે-૨૨ ગુરુકુલ તેમજ સે-૭ ખાતે આવેલ ચૌધરી સ્કુલ પાસે ટ્રાફિકની ડ્રાઈવ યોજી હતી. જેમાં ટ્રાફિક પોલીસે અલગ અલગ ટીમો બનાવી જે તે નિયત સ્થળે ઉભા રહીને ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વિદ્યાર્થીઓ અને સ્કુલવાન ચાલકો સહિત પસાર થતા વાહનચાલકો સામે લાલ આંખ કરીને દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. ટ્રાફિક પોલીસે ૩ વાન ડિટેઈન કરીને ૫૦ જેટલા વાહનચાલકો પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ દંડ વસુલ્યો હતો. જયારે શાળા પાસેથી લાયસન્સ વિના પકડાયેલા વિદ્યાર્થીઓના વાલીઓને પણ પોલીસે સ્થળ પર બોલાવી દંડનીય કાર્યવાહી કરી હતી. શહેર તેમજ આસપાસ વિસ્તારમાં વધતા જતા અકસ્માતના કિસ્સાઓને ધ્યાને રાખી વિદ્યાર્થી-વાલીઓને પણ માર્ગદર્શન આપ્યું હતું. આ અંગે એમ.આર. પુવારે સ્કુલ પાસે આ પ્રકારની ડ્રાઈવ આગળના દિવસોમાં કાર્યરત રહેશે તેમ જણાવ્યું હતું.

## સ્વ. રફીની જન્મજયંતિ નિમિત્તે આયોજિત કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૧૯ની કવાર્ટર-ફાઈનલનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ સંચાલિત 'મેરી આવાઝ સુનો' કરાઓકે કલબ દ્વારા હિન્દી ફિલ્મી ગીતોના સુપ્રસિધ્ધ પાર્શ્વગાયક સ્વ. મોહમ્મદ રફીની ૯૫મી જન્મજયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી 'કરાઓ કે સંગીત સ્પર્ધા ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદના ગીત ગાવાના શોખીન સંગીત રસિયાઓને કરાઓકે ટ્રેક શો થકી સ્ટેજ પ્લેટફોર્મ પુરું પાડવામાં આવી રહ્યુ છે. સ્પર્ધાનો કવાર્ટર ફાઈનલ રાઉન્ડ આગામી ૧લી ડિસેમ્બર રવિવારના રોજ બપોરે ૨ કલાકે કુડાસણમાં મારૂતિ નેક્ષા શૉ રૂમની બાજુમાં સનરાઈઝ કોમ્પ્લેક્ષ સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ ખાતે યોજાશે.

સ્વ. મોહમ્મદ રફીની ૯૫મી જન્મજયંતિને અનુલક્ષીને આયોજિત 'કરાઓ કે સંગીત સ્પર્ધા ૨૦૧૯'ના કવાર્ટર ફાઈનલ રાઉન્ડને માણવા શહેરની સંગીતપ્રેમી જનતાને વિના મૂલ્યે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશ ફોર્મ સ્ટુડિઓ ખાતે રૂબરૂ આવી વહેલા તે પહેલાના ધોરણે ભરી શકાશે. સ્પર્ધા અંગે વધુ માહિતી મેળવા શ્રવણકુમાર પરમાર મો.નં. ૯૪૨૭૩ ૧૮૦૭૩ અથવા મો.નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સે-૭ પોલીસ મથકના ગુનામાં નાસતા ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાયેલ ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપી કલ્પેશપુરી ગણેશપુરી ગોસ્વામી (ઉ.વ. ૩૬) (રહે. મૂળ બ્રાહ્મણવાસ ચાણસોલ, તા.ખેરાલુ. જિ. મહેસાણા)સેકટર-૧૧ સુમન ટાવર પાસે આવ્યો હોવાની ચોકકસ બાતમીને પગલે ગાંધીનગર એલસીબી-૨ના પોલીસના સ્ટાફના જવાનોએ પકડી પાડી સે-૭ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

# સે-૨૧માંથી ચોરાયેલી ટાટા સુમો નંદાસણ પાસેથી પકડાઈ

**ડ્રાઈવરની સતર્કતા અને પોલીસની સમયસુચકતા અને સંકલનથી ગાડી મળી આવી**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાંથી સરકારી ટાટા ગોલ્ડ સુમો ચોરાઈ જવાના ચારથી વધુ બનાવો પ્રકાશમાં આવ્યા છે. ત્યારે આ પરંપરા યથાવત રહેતી હોય તેમ સે-૨૧ 'છ' ટાઈપ ખાતેથી રાત્રીના સુમારે સુમો ગાડી ચોરાઈ હતી. પરંતુ ગાડી શરૂ થતા જ ડ્રાઈવર જાગી જતા તાત્કાલીક પોલીસનો સંપર્ક કર્યો હતો. જેથી ગાંધીનગર-મહેસાણા પોલીસની સતર્કતા તેમજ સંકલનના પગલે ગણતરીની મિનિટોમાં ચોરાયેલી ટાટા સુમો ગોલ્ડ ગાડી અને ચોર ઈસમ બંનેને પોલીસે નંદાસણ પાસેથી દબોચી લીધા છે. બનાવ અંગે ગાડી ચોરીની ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ખાતે કોન્ટ્રાકટ બેઝ પર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા યુવરાજસિંહ પુવાર (ઉ.વ. ૩૦) સેકરટ-૨૧ બ્લોક નં. ૩૯/૫ 'છ' ટાઈપ ખાતે રહે છે. જે.એફ.એસ.યુ. ખાતે જી.જે.૧૮, જીએ-૨૩૭૭ની ટાટા સુમો ગાડી તેઓ ચલાવે છે ત્યારે ફરિયાદીના જણાવ્યા મુજબ બુધવારના રોજ અમદાવાદથી સાહેબને લઈને સે-૧૫ સાંઈ ખાતે ગયો હતો. આ સમયે રાતના સાડા દશ થયા હતા. બાઈક પંકચર થયું હોવાથી તે જે.એફ.એસ.યુ. ના સિકયુરિટી સુપરવાઈઝરને જાણ કરી સરકારી ગાડી ઘરે લઈ ગયો હતો રાત્રિના અગિયાર વાગે ગાડી ઘર પાસે પાર્ક કરીને સૂઈ ગયો હતો ત્યારે અચાનક રાત્રીના સવા બે વાગી ગાડી સ્ટાર્ટ થયાનો અવાજ આવતા યુવરાજસિંહ ઘરની બહાર દોડી આવ્યા હતા તે સમયે જોયું તો અજાણ્યો શખ્સ સરકારી ગાડી લઈને જઈ રહ્યો હતો. જેથી તેઓ તાત્કાલીક સે-૨૧ પોલીસ મથકે પહોંચ્યા હતા અને પોલીસને ઘટનાથી વાકેફ કરી હતી જેને પગલે પોલીસો તાત્કાલીક વાયરલેસ પર મેસેજ મોકલી આસપાસના વિસ્તારમાં શોધખોળ શરુ કરી. ત્યારબાદ કંટ્રોલરૂમના કેમેરા ચેક કરતા ગાડી ઘ-૫ થી વાવોલ તરફ જતી દેખાઈ હતી. ગાંધીનગર જિલ્લા પોલીસને સતર્ક રખાઈ હતી તો બીજી તરફ મહેસાણા પોલીસને પણ એલર્ટ કરી હતી. કંટ્રોલ રૂમમાંથી મેસેજ પસાર થતા નંદાસણ પોલીસે હાઈ-વે બ્રિજ પર વાહનો રોકી ચેકીંગ કરતા ગાડી પકડાઈ ગઈ હતી. પોલીસે ચોરી કરાયેલી ગાડી સાથે રાજસ્થાનના જાલોર રાનીવાડાનો ૩૦ વર્ષીય યુવક લાડુરામ જોરીરામ બિશ્નોઈને ઝડપી પાડયો હતો. અગાઉ પણ ચોરાયેલી સરકારી ગાડીમાં આ યુવકનો હાથ છે કે કેમ તેની પણ તપાસ હાથ ધરાઈ છે.

# "સ્માર્ટ સિટી" ગાંધીનગરનું સે-૪ એટીએમ સુવિધાથી વંચિત

**આશરે ૫ હજારની વસ્તી ધરાવતા સેક્ટરમાં એક પણ એટીએમ કેન્દ્ર નથી**
**નિવૃતો-મહિલાઓ વગેરે સહિત રહીશોને નાણાં ઉપાડવા દૂર સુધી જવું પડે છે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ગુજરાતનું પાટનગર હોવા સાથે સાથે વડાપ્રધાન દ્વારા દેશમાં પ્રથમ ૧૦૦ સ્માર્ટસિટી બનાવવાની યોજનામાં પણ ઘણુ અગ્રેસર સ્થાન ધરાવે છે. જો કે સ્માર્ટસિટી બનવા તરફ આગળ વધી રહેલા આ શહેરમાં હજુ પણ એવો વિસ્તાર છે જ્યાં મોટા પ્રમાણમાં વસ્તી વસવાટ કરી રહી હોવા છતાં કેટલીક જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નથી. આધુનિક બેંકિંગના યુગમાં ગાંધીનગરના સેક્ટર-૪માં એટીએમની સુવિધા ના હોવાને કારણે આ વિસ્તારના રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેક્ટર-૪માં આશરે પાંચેક હજારની વસ્તી વસવાટ કરી રહી છે જેમાં મોટા ભાગના રહીશો સરકારી અથવા ખાનગી નોકરિયાતો છે જેમના પગાર બેંકમાં જમા થતા હોય છે. પોતાના બેંક ખાતામાંથી જરૂરિયાત મુજબ નાણાં ઉપાડવા માટે આ વસાહતીઓને શહેરના અન્ય વિસ્તારમાં આવેલા એટીએમ કેન્દ્રો સુધી લાંબા થવુ પડે છે એટલે રાત્રીના સમયે દૂરના સ્થળેથી નાણાં ઉપાડીને પરત ઘરે આવતા સ્થાનિકોને સલામતીની ચિંતા સતાવે છે. ખાસ કરીને નિવૃત વયોવૃદ્ધ નાગરિકો હોય કે મહિલા ખાતાધારક હોય તેમના માટે આ પ્રકારની પરિસ્થિતિ ચિંતાજનક છે. આ સમસ્યા અંગે સ્થાનિક રહીશો અગ્રણીઓએ વિવિધ બેંકોમાં પણ રજૂઆત કરી છે આમ છતાં હજુ પણ તેઓ એટીએમથી વંચિત છે. સેક્ટર-૪ ઉપરાંત સેક્ટર-૩, સેક્ટર-૩-ન્યુ જેવા નજીકના વિસ્તારમાં પણ મર્યાદિત એટીએમ કેન્દ્ર હોવાથી ઘણીવાર તેમા લાઈન હોય અથવા મશીન કોઈ કારણસર બંધ હોય ત્યારે પરેશાનીમાં વધારો થાય છે. સત્વરે સેક્ટર-૪માં કોઈ બેંક દ્વારા એટીએમની સુવિધા શરૂ કરાય તેવી આ વિસ્તારની જનતામાં માંગ પ્રવર્તી રહી છે.

### સ્થાનિક કોર્પોરેટરે ચાર બેંકમાં રજૂઆત કરી

સેક્ટર-૪ના વસાહતીઓની રજૂઆતના આધારે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા અને એચડીએફસી બેંકમાં લેખિત રજૂઆત કરી સેક્ટર-૪માં એટીએમ કેન્દ્ર સ્થાપિત કરવા માંગ કરવા સાથે બેંકની સહુલિયત માટે એટીએમ કેન્દ્ર બની શકે તેવી જગ્યાનો સ્થળ નિર્દેશ પણ કર્યો છે. આ સાથે તેમણે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને મેયર રીટાબેન પટેલને પણ આ બાબતે ઘટતુ કરવા અનુરોધ કર્યો છે.

## ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનનો સ્નેહમિલન તથા સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરનો સ્નેહમિલન અને સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં મ્યુ. કમિશનર ડૉ. રતનકુંવર એચ. ગઢવીચારણ અને એસોસિએશનના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં રમણભાઈ શ્રીમાળીએ સર્વેને નૂતનવર્ષની શુભેચ્છા પાઠવી બાબાસાહેબની સ્તુતિ વંદના કરી હતી. સંસ્થાના અધ્યક્ષ ભાનુકાન્ત પરમાર દ્વારા સર્વેને રાત્રિ આશરાની માંગણીની મંજુરી અંગેની હકારાત્મક ખબરને સર્વે સમક્ષ રજુ કરી શેલ્ટર હોમના ખાદ્યમુહુર્ત અંગે ખુશી વ્યકત કરવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે મહાનુભાવો સાથે સંસ્થાના વરિષ્ઠ રાજય સવિતાબેન સુશીલનું સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની આભારવિધિ સંસ્થાના ઉપાધ્યક્ષ પી.જી. રાઠોડ દ્વારા તથા સફળ સચાલન મંત્રી વિરંચદભાઈ પરમાર તથા કોષાધ્યક્ષ ડૉ. અમૃતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.




## સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે દ્વિતીય વિદ્વત્સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ભાગવત વિદ્યાપીઠ વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય અને વેદશાસ્ત્રોત્તેજક કર્મયોગી સુનિધિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભગવદ ગીતાજી કંઠસ્થ કરનાર ઋષિકુમારો માટેનો સન્માન સમારંભ ૩૦ નવેમ્બરના રોજ યોજાનાર છે. આ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે યોજાશે. જેમાં ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત, ગુજરાતના શિક્ષણ-કાયદો અને ન્યાયતંત્રના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. સંસ્થાના ડૉ. હિતેન્દ્રભાઈ વ્યાસ અને ડૉ. અશ્વિન રાજગોર દ્વારા સર્વેને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

બાલા - ૧૦.૪૫, ૭.૧૫
પાગલપંતી - ૪.૦૫
હોટલ મુંબઈ
૧.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
યે સાલી આશિકી
૧૦.૦૦, ૯.૪૦
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૩.૫૫
ગુજરાત ૧૧ (ગુજરાતી)
૬.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૪૦, ૨.૨૦, ૭.૪૦, ૧૦.૨૦
કમાન્ડો ૩
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

કમાન્ડો-૩
૧૧.૧૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
હોટલ મુંબઈ
૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
યે સાલી આશિકી - ૧૨.૧૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૫.૨૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૧.૦૦
મરજાવા - ૧.૪૫, ૧૦.૩૦
બાલા - ૨.૦૦
પાગલપંતી - ૯.૫૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૦૫, ૪.૩૫, ૧૦.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

મરજાવા - ૩.૪૦
પાગલપંતી - ૯.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧.૨૦, ૬.૫૦, ૯.૩૦
બાલા - ૪.૦૦
કમાન્ડો-૩
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫
હોટલ મુંબઈ - ૧૦.૧૦, ૧૨.૫૫, ૬.૩૦, ૯.૧૫
યે સાલી આશિકી
૧૦.૩૫, ૯.૩૦
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૩.૪૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

મરજાવા - ૭.૩૦
બાલા - ૪.૩૦, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૨.૪૫
પાગલપંતી - ૨.૦૦, ૭.૦૦
ચાલ જીવી લઈએ - ૧૨.૦૦
કમાન્ડો-૩ - ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
હોટલ મુંબઈ
૧૨.૧૫, ૫.૧૫, ૯.૪૫
લવ યુ ટર્ન - ૫.૧૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૨.૪૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૧૦.૦૦
એક્સ-રે - ૧૨.૦૦

## રવિવારે બ્રહ્મભટ્ટ સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૮

બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૧લી ડિસેમ્બર રવિવારના રોજ સવારે સાડા નવ કલાકે ઘ-૪ સર્કલ પાસે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં વિક્રમ સંવત ૨૦૭૬ને આવકારવા માટે સ્નેહમિલન કાર્યક્રમ યોજેલ છે તો તેમાં બ્રહ્મભટ્ટ સમાજના કુટુંબીજનોને હાજર રહેવા મહામંત્રી વાસુદેવભાઈ અજબાણી તથા પ્રમુખ દિલીપસિંહ બ્રહ્મભટ્ટ-બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા સુર્યાબા નટવરસિંહ, ઉ.વ. ૭૧
- સ્વ. લેઉવા કચરાભાઈ પ્રયાગભાઈ, ઉ.વ. ૬૬
- સ્વ. ઠાકોર જસીબેન બળદેવજી, ઉ.વ. ૫૫
- સ્વ. મેર નયનાબા ભરતસિંહ, ઉ.વ. ૬૦
- સ્વ. વાઘેલા દેવુબા રતનસિંહ, ઉ.વ. ૬૫
- સ્વ. ખારવા વિનોદભાઈ કેશાભાઈ, ઉ.વ. ૪૬